Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# એક કેસૂડો... ગીત

એક કેસૂડો પીવે છે ફાગ ને,
માટીની મ્હેકને, બળતા બપોર ને,પીવે છે ફૂલોના બાગને
એક કેસૂડો પીવે છે ફાગને

વાંસળી મધુર, ક્યાંક ગોપીના ગીતને, પીવે છે કેસુડો કા'નને,
એનો મઘમઘતો ખેસ, એનો કેસરિયો વેશ, એ તો ઘૂંટે છે પોતાના વાનને !
એક કેસૂડો પીવે છે ફાગને

ધખધખતા તાપને ,શીતળ શી છાંયને,પીવે છે સાંજ ને સવારને,
અમી શી આંખ લઈ, સીમનો સંસાર લઈ, પીવે છે વાયરાના વ્હાલને.
એક કેસૂડો પીવે છે ફાગને...

હોળીની ઝાળ એના અંગે રમે,એ તો પીવે છે ધરતીના ગાનને,
એના ગાલ પર ગુલાલ, એના હૈયામાં વ્હાલ, એના ચરણે નમાવે છે આભને!
એક કેસૂડો પીવે છે ફાગને...

સુકાતા પાંદ કૈક - પાયલ થઈ ખખડે છે, પીવે છે પાનખરની પ્રીતને,
એનો કેસરિયો રંગ એતો ઘોળે સુગંધ
એતો પીવે છે કુદરતના કૈફને.
એક કેસૂડો પીવે છે ફાગને..

@ પરમ પાલનપુરી

---

પંકજકુમાર મૂળશંકરભાઈ પ્રજાપતિ
2/29 સ્વાગત બંગલોઝ ધનીયાણા ચોકડી,
પાલનપુર 385001